## ■■એબ્રોડ યુનિવર્સિટી એવોર્ડ■■

આપણા સમાજના જે છાત્રો ફોરેનની ઓક્સફોર્ડ યુનિવર્સીટી, કેમ્બ્રિજ યુનિવર્સિટી અને હાવર્ડ યુનિવેસિટીમાં અભ્યાસ કરી શૈક્ષણિક વર્ષના અંતે વાર્ષિક પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હોય તેની સર્ટિફાઇડ માર્કશીટ અત્રે મોકલવા વિનંતી છે. માર્કશીટ મળ્યા પછી ત્યાર પછી આવતા સંસ્થાના વાર્ષિક પ્રોગ્રામમાં "એબ્રોડ યુનિવર્સીટી એવોર્ડ " એનાયત કરવામાં આવશે.

PhotoGrid

# ★★અન્નકીટ હેલ્પ★★

**આપને અન્નકીટ હેલ્પની જરૂર છે?**

આપણા સમાજના આપ સીનિયર સીટીઝન છો? સંસ્થાએ નક્કી કરેલ નીચે મુજબની કેટેગરીમાં આવો છો?

## કેટેગરી

1 નિરાધાર વિધવા અથવા વિધુર

2 ગરીબી રેખા હેઠળ રહેતા શારીરિક ક્ષતિયુક્ત (Disable) વ્યક્તિ.

3 એકલા રહેતા કપલ અથવા વ્યક્તિ કે જેને કોઈનો સપોર્ટ નથી.

જો આપ નિયમમાં આવતા હોય તો અમો અન્નકીટ હેલ્પ કરવા માટે ખુશી છીએ.

PhotoGrid

# ★★છાત્રોને શિષ્યવૃતિ બાબતે★★

શું તમારૂ બાળક ભણવામાં સ્કોલર છે? તો એને પ્રોત્સાહિત કરવા માટે શિષ્યવૃત્તિની જરૂર છે. અમો દર વર્ષે છાત્રોને "વાર્ષિક પ્રોગ્રામ" મા શિષ્યવૃતિ આપીએ છીએ. તો તમારા બાળકને આ લાભ અવશ્ય અપાવો.

શિષ્યવૃત્તિની સંપૂર્ણ માહિતી માટે અમારા વેબસાઇટની "રિસેન્ટ ન્યૂઝ"કોલમ જોતા રહો અને વાર્ષિક પ્રોગ્રામમાં"શિષ્યવૃતિ"નો લાભ લેવા માટે અવશ્ય પધારો.

PhotoGrid

# સમાજના છાત્રોને
# શૈક્ષણિક ફી - મદદ

શું આપ આપના બાળકને શિક્ષિત કરવા માંગો છો? એની સ્કુલ અને કોલેજની શૈક્ષણિક ફી બાબતે ચિંતિત છો? તો અમો મદદ કરીશું. એ માટે વિગતવાર માહિતી અમારા વેબસાઈટ પરથી મેળવો.

PhotoGrid

## •ટ્રસ્ટની અન્ય વિવિધ સેવાઓ•

1 ફેસબૂક સેવા....ટ્રસ્ટ ના નામે છે.

2 વોટ્સઅપ સેવા..વાડીના મોબાઈલ નંબર 9825153442 થી ઉપલબ્ધ.

3 સમાજ-મરણ પ્રસંગે અંતિયાત્રા, બેસણું, પ્રાર્થનાસભાનો ડ્રાફ્ટ કમ્પોઝ કરીને ટ્રસ્ટના ફેસબૂક અને વોટ્સઅપ પર અપલોડ કરીઆપવામાં આવે છે.

4 સમાજના જરૂરિયાતમંદ ગરીબ જ્ઞાતિજનો ને ફિનરલ સેવા આપવામાં આવે છે. એ માટે વાડીના મોબાઈલ પર સંપર્ક કરવો.

5 વાડીનુ એડવાન્સ બુકિંગ ના થયુ હોય તો બેસણા તથા પ્રાર્થના સભા માટે વિના મૂલ્યે હોલ સમાજની કોઈ પણ વ્યક્તિને આપવામાં આવે છે.

PhotoGrid

## ★★મેડિકલ સહાય★★

હોસ્પિટાલિસ્ટ પેશન્ટને ₹ 5,000/-ની મર્યાદામાં મેડિકલ સહાય નક્કી કરેલ નિયમોને આધીન સમાજના " જરૂરિયાતમંદ " વ્યક્તિને વર્ષમાં એક વખત આપવામાં આવે છે.

PhotoGrid